વારાણસીમાં સતત 15 કલાક વરસાદ

હોસ્પિટલ-ઘરોમાં પાણી ઘૂસ્યાં

નવી દિલ્હી/ભોપાલ/લખનઉ, તા. 25: પૂર્વ યુપીમાં સતત પડી રહેલા મોસમી વરસાદથી પરિસ્થિતિ વણસવા લાગી છે. વારાણસીમાં સતત 15 કલાક પડેલા ધોધમાર વરસાદથીરસ્તાઓ તળાવમાં ફેરવાઈ ગયા હતા અને પાણી ઘરોમાં ઘૂસી ગયાં હતાં. બીએચયુહોસ્પિટલમાં ઘૂંટણસમાં પાણી ભરાઈ ગયાં હતાં.

લોકો દર્દીઓને ખભા પર બેસાડીને વોર્ડ સુધી લઈ જતાં જોવા મળ્યાહતા.

દિલ્હી-એનસીઆરમાં મંગળવારે સવારે સતત બીજા દિવસે ભારે વરસાદ પડ્યો છે. એઈમ્સ ફ્લાયઓવર, કનોટ પ્લેસ, આઈટીઓઅને આર.કે. પુરમ સહિત અનેક વિસ્તારોમાં 3-4 ફૂટ સુધી પાણી ભરાઈ ગયાં હતાં. હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

દિલ્હી એરપોર્ટ મુસાફરો માટે એડવાઈઝરી જાહેર કરીહતી. સોમવારે આશરે 390 ફ્લાઈટ્સ મોડી પડી, 15 ડાયવર્ટ કરાઈ અને 26 કેન્સલ કરવામાં આવીહતી.

બીજિંગમાં સરહદ અંગે ભારત-ચીન વચ્ચે 25મા રાઉન્ડની વાટાઘાટો

LAC પર શાંતિ જાળવવા અને સીમા સીમાંકન પર અજિત ડોભાલ અને ચીની વિદેશ મંત્રી વચ્ચે ચર્ચા

શી જિનપિંગની સંભવિત ભારત મુલાકાત પહેલાં આ બેઠક મહત્વની માનવમાં આવી રહી છે

ચીને કહ્યું- 'ભૂતકાળમાંથી પાઠ શીખી સીમા વિવાદ ઉકેલીએ'

બીજિંગ, તા. 25 (પીટીઆઈ): ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ અને ચીનના વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે બીજિંગમાં 'સ્પેશિયલ રિપ્રેઝન્ટેટિવ્સ' (SR) માળખા હેઠળ 25મા રાઉન્ડની સરહદ વાર્તાલાપ યોજાઈ હતી.

ચીન પ્રમુખ શી જિનપિંગની સંભવિત ભારત મુલાકાત પહેલાં યોજાયેલી આ બેઠકમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર શાંતિ જાળવવા, સીમા સીમાંકન પર પ્રગતિ કરવા અને સરહદ પારના સહયોગને વેગ આપવા અંગે ગહન ચર્ચા થઈ હતી.

અજિત ડોભાલે જણાવ્યું હતું કે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા જાળવવાના પરિણામે જ બંને દેશો વચ્ચેના સંબંધો પુનઃ સામાન્ય થઈ રહ્યા છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર

જાહેર નિવિદા નં.૦૨ સને ૨૦૨૬-૨૭

આઈ.ડી.નં. ૧) ૩૩૮૮૨૪ ૨) ૩૩૮૭૭૦

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, જલ ભવન, બીજો માળ, જુની આર.ટી.ઓ ઓફિસની બાજુમાં, સિવિલ લાઈન, ગોધરા જી.પંચમહાલ દ્વારા યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેથી પંચમહાલ જીલ્લાના ૧) નર્મદા મુખ્ય કેનાલ આધારિત પી.એમ. - ૪બી સુધારણા જુ.પા.પુ.યોજના અંતર્ગતના ગ્રામ્ય લેવલના સંપ પર એમ.એસ. પંપ કેબીન બનાવવાની કામગીરીની કુલ અંદાજિત રકમ રૂા.૫૩.૯૦ લાખ તથા ૨) પાનમ જળાશય આધારિત પાનમ સુધારણા જુ.પા.પુ.યોજના અંતર્ગત ગ્રામ્ય લેવલ સંપ પર એમ.એસ. પંપ કેબીન બનાવવાની કામગીરીની કુલ અંદાજિત રકમ રૂા.૨૪.૫૦ લાખ માટે ઈ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડર મંગવવામાં આવે છે. ટેન્ડર ડાઉનલોડ અપલોડ કરવાની છેલ્લી તારીખઃ ૧૦/૦૯/૨૬ ૧૮.૦૦ કલાક રહેશે. વધુ વિગતો કચેરીના ચાલુ દિવસો દરમ્યાન તથા નોટીસ બોર્ડ ઉપર થી મળશે. હવે પછીના સુધારા/વધારા માટે તેમજ વધુ વિગતો માટે વેબસાઈટ www.Tender.nprocure.com ઉપર જોવી.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ.અને ગટર વ્ય.બોર્ડના હેલ્પલાઈન નં.૧૯૧૬ પર જનતાને સંપર્ક કરવા અનુરોધ છે.

(માહિતી/ગોધરા/૪૩૫/૨૬)

Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
મુકામ વિંઝોલ, પોસ્ટઃ કાંકણપુર, તાલુકોઃ ગોધરા, જિલ્લોઃ પંચમહાલ-૩૮૮૭૧૩.

SGGU/ESTA/REC/T/2054/2026 DATE: 25/08/2026

Shri Govind Guru University
Employment Notice
Advertisement No. 05/2026

Shri Govind Guru University, Vinzol-Godhra invites applications for Professor and Associate professor in various teaching posts in prescribed format.

Candidates are advised to visit the university website www.sggu.ac.in for details (including advt. no., post, category, eligibility, minimum experience required and deadlines for submission).

Date of commencement of online Application Form	27/08/2026
Last date of online Application Form submission	17/09/2026
Last date of receipt of hardcopy of Application with all enclosures	25/09/2026 till 05:30 pm

Place: Vinzol-Godhra Date: 25/08/2026

Officer On Special Duty
Establishment Department
Shri Govind Guru University
Vinzol-Godhra

માહિતી/ગોધરા/૪૩૨/૨૬

Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
મુકામઃ વિંઝોલ, પોસ્ટઃ કાંકણપુર, તાલુકોઃ ગોધરા, જિલ્લોઃ પંચમહાલ-૩૮૮૭૧૩.

SGGU/ESTA/REC/T/2055/2026 DATE: 25/08/2026

Shri Govind Guru University
Employment Notice
Advertisement No. 06/2026

Shri Govind Guru University, Vinzol-Godhra invites applications for Assistant professor in various teaching posts in prescribed format.

Candidates are advised to visit the university website www.sggu.ac.in for details (including advt. no., post, category, eligibility, minimum experience required and deadlines for submission).

Date of commencement of online Application Form	27/08/2026
Last date of online Application Form submission	17/09/2026
Last date of receipt of hardcopy of Application with all enclosures	25/09/2026 till 05:30 pm

Place: Vinzol-Godhra Date: 25/08/2026

Officer On Special Duty
Establishment Department
Shri Govind Guru University
Vinzol-Godhra

માહિતી/ગોધરા/૪૩૪/૨૬

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૩૦૯૪૭૮૯૪	હોમ લોન	૧. દિપ્તી હિતેશભાઈ પટેલ (સ્વ. પટેલ હિતેશભાઈ જેરામભાઈ ના કાયદેસરના વારસદાર તરીકે) ૨. દિપ્તી હિતેશભાઈ પટેલ ૩. રાધે ટ્રેડર્લીંક	૧૩–ઓગષ્ટ–૨૦૨૬	રૂા.૬૫,૨૩,૮૦૭.૯૮/–

મિલકત સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કેજે ગ્રીન સીટી ગોલ્ડ ટાઈપ–એ/૬, બિલ્ડીંગ નં. ૨૨ ના ૧૩ માં માળ નો ફ્લેટ નં. ૧૩૦૧, માપ ૨૭૫૯ ચો.ફુટ (સુપર બિલ્ટઅપ એરીયા) અને ૧૭૧૧.૦૬ ચો. ફુટ એટલે કે ૧૫૯.૦૨ ચો.મી. (બિલ્ટઅપ એરીયા) જમીન ના વણવહેચાયેલા હિસ્સા સહિત ૧૩.૯૯ ચો.મી અને રોડ અને સીઓપી નુ માપ ૩૦.૭૯ ચો.મી વણવહેચાયેલા હિસ્સા સહિત બ્લોક નં. ૧૩૮, રેવન્યુ સર્વે નં ૪૭/૨, બ્લોક નં. ૧૩૯, રેવન્યુ સર્વે નં.૪૭/૧, બ્લોક નં. ૧૪૦, રેવન્યુ સર્વે નં. ૪૬/૧, બ્લોક નં. ૧૪૧,રેવન્યુ સર્વે નં. ૪૬/૨, બ્લોક નં. ૧૪૨, રેવન્યુ સર્વે નં.૪૭/૩, બ્લોક ન. ૧૪૪, રેવન્યુ સર્વે નં. ૫૩, એકત્રીકરણ થયેલ નવો બ્લોક નં. ૧૩૮, ટી.પી સ્કીમ નં. ૫૦ (ભાઠા),મૂળ પ્લોટ નં.૮૯, ફાઈનલ પ્લોટ નં. ૯૯/એ, ગામ ભાઠા, સુરત સીટી, જી. સુરત, ગુજરાત–૩૯૪૫૧૦ ખાતે આવેલ છે. જેની ચતુર્થદિશા :**પૂર્વ તરફ** :પ્રવેશ , **પશ્ચિમ તરફ** :બિલ્ડીંગ નં. ૨૧,**ઉત્તર તરફ** :આતંરીક રોડ,**દક્ષિણ તરફ** : આતંરીક રોડ આવેલ છે.

૨.	૧૨૯૯૭૨૦૭૭ ૨૭૩૦૫૦૧૩ ૧૬૬૫૪૬૬૧ ૭૩૧૪૨૪૪૭	હોમ લોન	૧. જીગર ટેલર (સ્વ. ભુપેન્દ્ર જમીયતરામ ટેલર ના કાયદેસરના વારસદાર તરીકે) ૨. જીગર ટેલર	૧૩–ઓગષ્ટ–૨૦૨૬	રૂા.૨૯,૯૭,૪૦૯.૩૦/–

મિલકત સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે જાનકી પાર્ક સોસાયટી ની જગ્યા નો પ્લોટ નં. ૪૬, માપ ૬૩.૪૦ ચો.મી. ભોયતળીયુ + બે માળ ના બાંધકામ નુ માપ ૧૪૫.૮૬ ચો.મી. વિકસીત થયેલ જમીન ના વણવહેચાયેલા હિસ્સા સહિત રેવન્યુ સર્વે નં. ૨ (જૂનો રેવન્યુ સર્વે નં.૧૧) વોર્ડ–ભેસ્તાન, સીટી સર્વે નોંધ નં. ૮૦૨ પૈકી, મોજે ભેસ્તાન, જી.સુરત,શહેર ગુજરાત–૩૯૫૦૨૩, ખાતે આવેલ છે. જેની ચતુર્થદિશા :**પૂર્વ તરફ** : પ્લોટ નં. ૬૦, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં. ૪૩, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૪૫,**દક્ષિણ તરફ** : પ્લોટ નં.૪૭ આવેલ છે.

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૨૬.૦૮.૨૦૨૬
સ્થળ : સુરત,ગુજરાત

અનુસંધાન ... પાના પહેલાનું

અમેરિકી સૈન્ય વિમાન...

વાટાઘાટોને વેગ આપવા માટે અમેરિકી સંરક્ષણ મંત્રી પીટ હેગસેથ મોસ્કોની મુસાફરી કરશે તેવી અટકળો તેજ બની હતી. અન્ય એક સાઈટ 'વોર એન્ડ મિલિટરી ન્યૂઝ' એ સૂચવ્યું હતું કે, ગ્લોબમાસ્ટરનું આગમન યુક્રેન યુદ્ધ અંગેની વાટાઘાટોના અન્ય રાઉન્ડ માટે મોસ્કોમાં યુએસના ખાસ દૂતો જારેડ કુશ્નર અને સ્ટીવ વિટકોફની અપેક્ષિત મુલાકાત સાથે સંબંધિત હોઈ શકે છે.

બિહારમાં મુખ્યમંત્રી આવાસ...

શર્માએ જણાવ્યું કે, "અમે ભીડને વારંવાર શાંતિ જાળવવાની અપીલ કરી હતી. અમે તેમને કહ્યું હતું કે, અમે તેમની માગણીઓ સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડવા માટે એક પ્રતિનિધિમંડળ મોકલવામાં મદદ કરીશું. પરંતુ જ્યારે સ્થિતિ વણસી અને તણાવપૂર્ણ બની, ત્યારે જ વોટર કેનનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રદર્શનકારીઓ બેરિકેડ્સ તોડીને શહેરના સૌથી વ્યસ્ત ડાક બંગલા ચોકડી સુધી પહોંચી ગયા હતા. આ રસ્તો પટના જંક્શન તેમજ પટના હાઈકોર્ટ અને ઈન્કમ ટેક્સ ઓફિસ જેવી મહત્વપૂર્ણ સરકારી કચેરીઓ તરફ જાય છે. અહીં તેનાત સીઆરપીએફ કર્મચારીઓ સાથે તેમને સંઘર્ષ થયો હતો. પથ્થરમારામાં ડીસીપી સહિત કેટલાક પોલીસ કર્મચારીઓને ઇજા થઇ હોવાના અહેવાલ છે.

અમેરિકામાં બે...

સુધારો કરવામાં ન આવે, તો સ્ટેટ ડિપાર્ટમેન્ટ આગામી અઠવાડિયામાં ૨૦૧૬ થી ૨૦૨૬ વચ્ચે આશ્રય માગનારા અથવા હાલમાં આશ્રય મેળવી રહેલા લોકોને જારી કરાયેલા B1 અને B2 વિઝા રદ કરવાની જાહેરાત કરે તેવી શક્યતા છે. આ પગલું ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી(DHS)ના સમન્વયથી લેવામાં આવી રહ્યું છે. વિદેશ વિભાગના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે, "અમે એવા વિદેશીઓના નોન-ઈમિગ્રન્ટ વિઝા ઓળખીને રદ કરવા માટે DHS સાથે સંકલન કરી રહ્યા છીએ, જેઓ ટૂંકા ગાળાના મુલાકાતી તરીકે અમેરિકા આવ્યા હતા પરંતુ અહીં કાયમી ધોરણે રહેવા માટે આશ્રયની અરજી કરે છે. તેમણે કેટલા વિઝા રદ થઈ શકે છે તે અંગે ટિપ્પણી કરવાનો ઈનકાર કરતા કહ્યું હતું કે, આ પ્રક્રિયા સતત ચાલનારી હોવાથી, રદ થનારા વિઝાની સંખ્યા પરિવર્તનશીલ રહેશે અને તબક્કાવાર રીતે કરવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે વિઝા રદ થવાનો અર્થ એ નથી કે તેઓને તરત જ દેશનિકાલ કરવામાં આવશે. બાકી રહેલા આશ્રયના કેસ ધરાવતા મોટાભાગના લોકોને ફરીથી વર્ગીકૃત કરવામાં આવશે, પરંતુ તેઓ બિઝનેસ અથવા ટૂરિઝમ પ્રવાસી તરીકેનો પોતાનો દરજ્જો ગુમાવશે. વિઝા રદ કરવાની પ્રક્રિયા હજુ આખરી ન હોવાથી અધિકારીઓએ નામ ન આપવાની શરતે આ માહિતી આપી હતી.

અમેરિકામાં અભ્યાસ...

વિદ્યાર્થીઓને 12થી 24 મહિના કામ કરવાની તક મળે છે અને ત્યારબાદ કંપનીઓ દ્વારા સ્પોન્સર કરાતા H-1B વીઝા પર શિફ્ટ થઈ શકાય છે, જે વીઝા પર ભારતીય આઈટી વ્યાવસાયિકો મોટી સંખ્યામાં નિર્ભર છે.

અમેરિકામાં જુલાઇમાં...

છે કે, વહીવટીતંત્રે આ વર્ષની શરૂઆતમાં પોતાની કાર્યશૈલીમાં ફેરફાર કર્યો હોવા છતાં તેનો સામૂહિક હકાલપટ્ટીનો એજન્ડા ચાલુ રાખ્યો છે. અગાઉ મોટા અમેરિકી શહેરોમાં હાઇ-પ્રોફાઇલ કામગીરી હાથ ધરવામાં આવતી હતી જેનાથી જાહેર આક્રોશ ઊભો થયો હતો, જ્યારે હવે ઓછું ધ્યાન ખેંચે પરંતુ એટલી જ અસરકારક હોય તેવી રીતે ધરપકડો કરવામાં આવી રહી છે. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, બર્કલેના ડિપોર્ટેશન ડેટા પ્રોજેક્ટને ICE દ્વારા પૂરા પાડવામાં આવેલા અને ધ એસોસિએટેડ પ્રેસ(AP) દ્વારા વિશ્લેષણ કરવામાં આવેલા સરકારી ડેટા અનુસાર, જુલાઈમાં થયેલી 49,571 ધરપકડનો આંકડો તેના એક મહિના અગાઉની 43,021 ધરપકડ કરતાં 15% વધુ છે.

હવે મારાથી પહેલાં...

છે. ગડકરીની ટિપ્પણી ભાજપમાં મોટા સંગઠનાત્મક ફેરફારના થોડા દિવસો બાદ આવી છે. ગયા અઠવાડિયે ભાજપે અધ્યક્ષ નીતિન નવીનના નેતૃત્વમાં 65 સભ્યોની નવી રાષ્ટ્રીય ટીમ જાહેર કરી હતી, જેમાં 51 નવા ચહેરાઓ છે. આ ફેરફારથી મોદી સરકારના કેબિનેટમાં પણ ફેરબદલની અટકળો તેજ થઈ છે.

ટ્રેડ વોર વકરે છે...

કેનેડાની આ વળતી કાર્યવાહી ત્યારે આવી છે જ્યારે ટ્રમ્પ વહીવટીતંત્રે વેપાર વાટાઘાટો નિષ્ફળ ગયા બાદ વીકએન્ડ દરમિયાન કેનેડિયન સામાન પર 50 ટકા ટેરિફ લાદી દીધો હતો.

કેનેડાના ટેરિફ 8 સપ્ટેમ્બરથી 15 ટકા, 25 ટકા અને 50 ટકાના દરે અમલમાં આવશે, જેમાં કેનેડા પલ્પ, પેપર અને ઇલેક્ટ્રોનિક્સ જેવી 700 થી વધુ પ્રોડક્ટ્સ પર અમેરિકાના તે જ સમાન ટેરિફ દર સામે મેચ કરી રહ્યું છે. ઘણી અમેરિકન પ્રોડક્ટ્સ પરના ટેરિફ 25 ટકાથી બમણા થઈને 50 ટકા થઈ જશે, જેમાં નવા પગલાંનો મોટો હિસ્સો સ્ટીલ અને એલ્યુમિનિયમને અસર કરશે. 50 ટકા ટેરિફનો સામનો કરી રહેલી વસ્તુઓમાં સ્ટીલ અને એલ્યુમિનિયમની કેટલીક પ્રોડક્ટ્સ, ફર્નિચર અને કપડાંનો સમાવેશ થાય છે. ઉપકરણો, ચીઝ સહિતની ડેરી પ્રોડક્ટ્સ, માછલી અને સી-ફૂડ તથા સ્ટીલ અને એલ્યુમિનિયમમાંથી બનતી કેટલીક વ્યાવસાયિક વસ્તુઓ પર 25 ટકા ટેરિફ લાગશે. યુએસ ઓટોમોબાઈલ્સ પર કેનેડાના હાલના જવાબી ટેરિફ યથાવત રહેશે. કેનેડાએ આ વિવાદથી પ્રભાવિત કામદારો અને વ્યવસાયો માટે 7.5 અબજ કેનેડિયન ડોલર (5.4 અબજ યુએસ ડોલર)ના સહાય પેકેજની પણ જાહેરાત કરી હતી. કેનેડિયન અધિકારીઓએ સ્વીકાર્યું કે આ વળતા ટેરિફને કારણે કેટલાક વ્યવસાયો અને ગ્રાહકો માટે ખર્ચ વધશે પરંતુ તેમણે કહ્યું કે તેઓ એકંદર આર્થિક અસરો મધ્યમ રહેવાની અપેક્ષા રાખે છે.

સરહદી તળાવનું નામ...

ઓફ અમેરિકા' કરવાના એકપક્ષીય નિર્ણયની યાદ અપાવે છે. અમેરિકા અને કેનેડા વચ્ચે વેપાર વિવાદ વકર્યો છે, જેમાં કેનેડા મંગળવારે જવાબી પગલાંની ઘોષણા કરે તેવી શક્યતા છે ત્યારે ટ્રમ્પે મંગળવારે સોશિયલ મીડિયા પર લખ્યું, ' 'યુનાઇટેડ સ્ટેટ્સ 'લેક ઓન્ટારિયો'નું નામ બદલીને 'લેક અમેરિકા' કરવા અંગે ગંભીરતાથી વિચારણા કરી રહ્યું છે, કારણ કે હવે અમે ઓન્ટારિયો સાથે બહુ વ્યવસાય કરવાની અપેક્ષા રાખતા નથી.'' ઓન્ટારિયો એ કેનેડાનો સૌથી વધુ વસ્તી ધરાવતો પ્રાંત છે અને તે દેશના ઓટો ઉદ્યોગનું કેન્દ્ર છે. લેક ઓન્ટારિયો નામનું વિશાળ તળાવ કેનેડા અને અમેરિકાની સરહદે આવેલું છે અને બંને દેશોની સરહદ આ તળાવની વચ્ચેથી પસાર થાય છે. અહીં એ પણ નોંધનીય છે કે ઓન્ટારિયો પ્રાંતના વડા અમેરિકા વિરોધી ઉચ્ચારણો કરવામાં બહુ ઉગ્ર રહ્યા છે.

દિલ્હી ડાયરી...

ટોળું એકઠું થયું હતું, જેના કારણે ઇન્ટેલિજન્સ એકત્ર કરવામાં ખામીઓ છતી થઈ હતી. 20 જુલાઈના રોજ પોલીસે અચાનક મુશ્કેલીનો સામનો કરવો પડ્યો જ્યારે ઓછામાં ઓછા 50,000 યુવાનો શિક્ષણ સુધારાની માંગ સાથે દિલ્હીના હૃદયસમા વિસ્તારમાં રસ્તા પર ઉતરી આવ્યા અને સંસદ તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો. ખાસ કરીને, દિલ્હી પોલીસના ઇન્ટેલિજન્સ વિભાગને હવે જે 10 વિગતો એકત્રિત કરી વિશ્લેષણ કરવાનો નિર્દેશ અપાયો છે તેમાં: સહભાગીઓની પ્રોફાઇલ, રાજ્યવાર ભાગીદારી, એકઠા થવાના માધ્યમો, નેતાઓ તેમ જ મુખ્ય પદાધિકારીઓના નામ, એજન્ડા અથવા માંગણીઓ વગેરેનો સમાવેશ થાય છે.

ડિજિટલ એગ્રીકલ્ચર મિશન પરિષદમાં ઉત્તર પ્રદેશની ગેરહાજરી

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા બે દિવસ પહેલાં 'ડિજિટલ એગ્રીકલ્ચર મિશન' અને 'પલ્સ મિશન' પર એક રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ દ્વારા સંબોધિત આ પરિષદમાં માત્ર ચાર રાજ્યો - હરિયાણા, આસામ, અરૂણાચલ પ્રદેશ અને નાગાલેન્ડના કૃષિ મંત્રીઓએ હાજરી આપી હતી, જે તમામ ભાજપ શાસિત રાજ્યો છે. અન્ય રાજ્યોના મંત્રીઓની ગેરહાજરી નોંધપાત્ર હતી, પરંતુ સૌથી વધુ ચોંકાવનારી બાબત એ હતી કે ઉત્તર પ્રદેશમાંથી પણ કોઈ મંત્રીએ આ કાર્યક્રમમાં હાજરી આપી ન હતી, જ્યાં ભાજપનું શાસન છે અને પક્ષનો આંતરિક સત્તાસંગ્રામ ચાલી રહ્યો છે. ભૂતકાળમાં ઉત્તર પ્રદેશમાં કૃષિ ક્ષેત્રની જવાબદારી સંભાળતા ત્રણેય મંત્રીઓ ચૌહાણના મંત્રાલય દ્વારા આયોજિત પરિષદોમાં ભાગ લેતા રહ્યા છે. વાસ્તવમાં, ગયા વર્ષે 15-16 સપ્ટેમ્બરના રોજ યોજાયેલી 'રાષ્ટ્રીય કૃષિ પરિષદ - રવિ અભિયાન 2025'માં ઉત્તર પ્રદેશના કૃષિ મંત્રી સૂર્યપ્રતાપ શાહી, મંત્રી બલદેવ સિંહ ઓલખ અને હોર્ટીકલ્ચર રાજ્ય મંત્રી (સ્વતંત્ર પ્રભારી) દિનેશ પ્રતાપ સિંહે હાજરી આપી હતી.

ભાજપના નવા પદાધિકારીઓને પ્રધાનમંત્રીનું માર્ગદર્શન

ભારતીય જનતા પાર્ટીના નવા નિમણૂક પામેલા રાષ્ટ્રીય પદાધિકારીઓ સાથેની તેમની પ્રથમ બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને નમ્રતાપૂર્વક ટકોર કરી હતી કે તેઓ પક્ષના ચૂંટણી વિજયથી સંતોષ ન માની લે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મોદીએ ભાજપના પ્રમુખ નિતિન નવીનની નવી ટીમને આહ્વાન કર્યું હતું કે તેઓ જમીની સ્તરે લોકોના સતત સંપર્કમાં રહે અને તેમની જરૂરિયાતો તેમ જ મનોભાવને સમજે.

આ વાતચીત દરમિયાન, વડા પ્રધાને તમામ 65 નવા પદાધિકારીઓ સાથે રાજકારણ અને પક્ષમાં તેમની સફર વિશે વ્યક્તિગત ચર્ચા કરી હતી. પોતાના તરફથી નવીને પણ તેમની નવી ટીમ સાથેની મુલાકાત દરમિયાન જમીન પરના લોકો સાથેનો સંબંધ વધુ મજબૂત બનાવવાની સલાહ આપી હતી.

નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી કૃષિ યુનિવર્સિટી
અરડૂસાના વૃક્ષો કાપીને લઈ જવા માટેની જાહેર હરાજી

આથી લાકડાના વેપારીઓ તથા રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે કે કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળ આવેલ એફઆરએમ ફાર્મ ખાતે પ્લોટ નં. ૧માં માર્ક કરેલ તથા પ્લોટ નં. ૨ અને ૩માં વાવેતર કરેલ અરડૂસાના અંદાજે ૮૭૫ વૃક્ષો કાપી લઈ જવાના છે. આથી, રસ ધરાવતા ઈસમોએ કોલેજ ખાતેથી રૂ. ૬૦૦/- (અંકે રૂપિયા છસો પૂરા) રોકડેથી ચૂકવી ટેન્ડર ફોર્મ મેળવી લેવાનું રહેશે. વધુમાં, ભરેલ ટેન્ડર ફોર્મ સાથે રૂ. ૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પૂરા)ની સિક્યુરિટી ડિપોઝિટ "DDO, College of Forestry, NAU, Navsari" ના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ/ચેક સ્વરૂપે રજૂ કરવાની રહેશે. વધુમાં, ટેન્ડર ફોર્મ સાથે સહી સિક્કા વાળી બોલીઓ અને શરતો અવશ્ય રજૂ કરવાની રહેશે.

ભરેલ ટેન્ડર ફોર્મ ઉપરોક્ત કચેરીના સરનામે તા.૨૭/૦૮/૨૦૨૬ થી તા. ૧૬/૦૯/૨૦૨૬ સુધી કચેરીના કામકાજના સમય દરમ્યાન રૂબરૂ/ટપાલ/કુરીયર દ્વારા પહોંચતું કરવાનું રહેશે. તેમજ સીલબંધ કવર પર "અરડૂસાની હરાજી અંગેનું ભાવપત્રક" તેમ સ્પષ્ટ રીતે લખી રજૂ કરવાનું રહેશે. સિક્યુરિટી ડિપોઝિટ વિના રજૂ કરવામાં આવેલ ભાવપત્રક માન્ય ગણવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેશો.

મળેલ ભાવપત્રકો તા.૧૭/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે કમિટી દ્વારા ઈજારદારોની હાજરીમાં ખોલવામાં આવશે. ઈજારદારો દ્વારા ભરવામાં આવેલ ભાવ કમિટીને યોગ્ય જણાશે નહીં તો તે જ સમયે અને સ્થળે જાહેર બોલી દ્